ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

મારી એકલતા ઉપર
મારો અધિકાર
ક્યાં રહ્યો છે
ક્યારેય !
એમાંય
તારો વિચાર
રહ્યો છે હંમેશાં !

- કુંતલ નિમાવત

## જન્મદિને વધામણી



કિશોરસિંહ પઢિયાર
પ્રકૃતિપ્રેમી

### સૅક્ટર-૨૩ના સર્વ વિદ્યાલય પરિસરમાં

# ટૉય ટ્રેન અને ઍડવેન્ચર ઝોનનો પ્રારંભ





ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ક્રિએટીવ ઝોન, સેક્ટર-૨૩ પરિસર ખાતે 'ટૉય ટ્રેન'નું ઉદ્‌ઘાટન લીલી ઝંડી બતાવીને મોખાસણ નિવાસી સંસ્થાના દાતા ચંદુભાઈ અને બાબુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

બાલમંદિરના નાનાં ભૂલકાં શાળામાં ટ્રેનની મજા લઈ શકે તે હેતુસર આ સુવિધાજનક ટ્રેન સંસ્થાના ચેરમેન દ્વારા શરૂ કરવામાં આવી છે. બાળકોએ જાતે ટિકિટ લઈ આ ટ્રેનમાં મુસાફરી કરવાનો આનંદ પ્રાપ્ત કર્યો હતો. ટ્રેનને ફુગ્ગા અને ફૂલોથી શણગારવામાં આવી હતી અને તેમાં ગીતો પણ વાગતાં હતાં. બાળકોને માથે રંગબેરંગી ટોપી અને હાથમાં પમપમ આપીને ટ્રેનમાં બેસાડવામાં આવ્યા હતા.

ટ્રેન સંસ્થાના વિદ્યાર્થીઓ સિવાય નગરનાં તમામ પાંચ વર્ષની વય સુધીનાં ભૂલકાઓ માટે શનિવાર અને રવિવારે સાંજે ૭થી ૯ કલાક દરમિયાન ઉપલબ્ધ રહેશે અને બાળકોને ગેટ નં. ૧થી ગેટ નં. ૮ સુધીની સફર કરાવશે.

આ ઉપરાંત ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય અને તંદુરસ્તી જળવાઈ રહે તે માટે ઍડવેન્ચર ઝોન પણ સોમવારે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ ઝોનમાં ઝીકઝેક, લોડર બ્રિજ, બર્મા બ્રિજ, સ્કાય ટનલ, નેટ ટ્રાવેલિંગ, હેન્ગીંગ બામ્બુ, કેબલ ટ્રાવેલિંગ, એક્સ ટાઈપ બ્રિજ, ટાયર બ્રિજ, ટાયર વૉલ, ટાયર સ્ટેપ્સ, કમાન્ડો ટનલ, રોપ ક્લાઈમ્બિંગ, સ્ટ્રોંગ બેલેન્સ, હેંગીંગ બાર જેવી વિવિધ એક્ટિવિટીઝની સુવિધા ઊભી કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ ડૉ. કનુભાઈ, ચૅરમૅન વલ્લભભાઈ પટેલ અને દાતા ચંદુભાઈ તથા બાબુભાઈ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.



મહર્ષિ ફાઉન્ડેશન, ગાંધીનગરના ઉપક્રમે આયોજિત મેગા અંતાક્ષરી સ્પર્ધાનો ફાઈનલ મુકાબલો ભવ્ય રીતે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. વિદાય લઈ રહેલા ૨૦૧૭ના વર્ષને જાણે યાદગાર બનાવી દેવું હોય તેમ સઘળા સ્પર્ધકોએ આ સ્પર્ધાને પૂરા દમથી લડી લીધી હતી, જેના કારણે ન માત્ર સ્પર્ધકો માટે પરંતુ પ્રેક્ષકો માટે ણ આ સ્પર્ધા અત્યંત રોચક બની ગઈ હતી. મનોરંજન સાથે મજા આપનારા એક પછી એક રસપ્રદ રાઉન્ડના અંતે નરેન્દ્રસિંહ ગોહિલ, રાજેશ મારુ, શ્રવણકુમારની ટીમ પ્રથમ ક્રમે વિજેતા બની હતી. દ્વિતિય ક્રમે આરતી ભટ્ટ, ભવ્યા ભટ્ટ અને ઈશા ગોરની ટીમ વિજેતા બની હતી.




(૧) તાજેતરમાં ભારતના પ્રથમ ફાઈબર ગ્રીન પ્રોજેક્ટનું અનાવરણ કયા રાજ્યમાં કરવામાં આવ્યું હતું ?
(એ) ઓડિસા
(બી) આંધ્રપ્રદેશ
(સી) કર્ણાટક
(ડી) કેરલ

(૨) મુસ્લિમ મહિલાઓને લગતું બિલ તાજેતરમાં કયા ગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું ?
(એ) લોકસભા (બી) રાજ્યસભા
(સી) વિધાન પરિષદ (ડી) વિધાનસભા

(૩) ટ્રીપલ તલાક બિલમાં તલાક આપનાર પતિને કેટલા વર્ષની જેલ અને દંડની જોગવાઈ છે ?
(એ) ૧ વર્ષ (બી) ૨ વર્ષ
(સી) ૩ વર્ષ (ડી) ૪ વર્ષ

(૪) હિમાલય પ્રદેશના છઠ્ઠા મુખ્યમંત્રી પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) જયરાજ ઠાકુર (બી) જયદેવ ઠાકુર
(સી) જયવીર ઠાકુર (ડી) જયરામ ઠાકુર

(૫) હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુર કઈ વિધાનસભા સીટ પર ચૂંટાઈ આવ્યા છે ?
(એ) મંડી (બી) સોલોન
(સી) સિરાઝ (ડી) કાંગડા

(૬) પ્રાણીઓ માટે કામ કરતી સંસ્થા 'પેટા' દ્વારા પર્સન ઓફ ધ યર કોને જાહેર કરવામાં આવ્યાં છે ?
(એ) અનુષ્કા શર્મા (બી) પ્રિયંકા ચોપ્રા
(સી) મેનકા ગાંધી (ડી) દિપીકા પદુકોણ

(૭) ૨૦૧૭માં રિયાધમાં આયોજિત વિશ્વ રેપિડ શતરંજ ચેમ્પિયનશીપનો ખિતાબ કયા ભારતીય ખેલાડીએ જીત્યો છે ?
(એ) વ્લાદીમીર શેખ (બી) વિશ્વ પ્રસાદ રાવ
(સી) ગૈરી કાસ્પરોવ (ડી) વિશ્વનાથન આનંદ

(૮) ૨૦૧૮માં ૧૦ જાન્યુઆરીએ ઈસરો સંસ્થા એકસાથે કાટલા સેટેલાઈટ લોન્ચ કરી રહી છે ?
(એ) ૩૧ (બી) ૪૧
(સી) ૨૧ (ડી) ૫૧

(૯) તાજેતરમાં જીતુ રાયે રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશીપમાં કેટલા મીટર પિસ્ટર સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો ?
(એ) ૧૦૦ મીટર (બી) ૭૫ મીટર
(સી) ૫૦ મીટર (ડી) ૧૦ મીટર

(૧૦) ૨૦૧૮માં ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું આયોજન કયા રાજ્યમાં કરવામાં આવશે ?
(એ) મણીપુર (બી) બિહાર
(સી) નાગાલેન્ડ (ડી) આંધ્રપ્રદેશ

# ઍમ બી પટેલ ઇંગ્લિશ સ્કૂલ દ્વારા ક્રિસમસની ઉજવણી



ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે ક્રિસમસ પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

છગનભા વિજયપદ્મ સ્પર્ધામાં ભાગ લઈ કબડ્ડી, ગોળાફેંક જેવી વિવિધ રમતોમાં વિજેતાપદ મેળવનારા વિદ્યાર્થીઓને ઇનામોથી નવાજવામાં આવ્યા હતા. ભગિની સંસ્થા બી પી કૉલેજ ઑફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશનના ડિરેક્ટર રમાકાન્ત પૃષ્ટિએ તમામ વિજેતા વિદ્યાર્થીઓને પોતાના હસ્તે ઇનામો એનાયત કર્યા હતા. ઉલ્લેખનીય છે કે આ વર્ષે શાળાના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરીને શાળાના ગૌરવમાં વધારો કર્યો છે. આ સિદ્ધિ બદલ શાળાના વ્યાયામ શિક્ષક નદીમ મેમણ અને વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ ઉપરાંત આઈના-૨૦૧૭ તથા હેલ્પએજ ઇન્ડિયામાં માતબર દાન આપનારા વિદ્યાર્થીઓને પણ ઇનામો આપીને નવાજવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે રૂપિયા ૬૦,૧૮૫નું માતબર દાન શાળા દ્વારા આ વર્ષે આપવામાં આવ્યું છે.

નાતાલની ઉજવણી નિમિત્તે શાળામાં શાંતા ક્લોઝનું આગમન પણ થયું હતું, જેમણે વિદ્યાર્થીઓનો ચોકલેટની વહેંચણી કરી હતી.



શહેરની જૂની અને જાણીતી તથા નવા કલાકારોને સ્ટેજ આપતી સંસ્થા જી ઈ ક્લબ અને બ્લ્યૂ બબલ્સ ઍકેડેમીના કલાકારોએ વર્ષાન્ત દિવસ અને નૂતન વર્ષની શરૂઆતની ઉજવણી મુક્તિધામ ખાતે કરી હતી. જ્યારે યુવા હૈયાઓ ૩૧મી ડિસેમ્બરે સંગીતના તાલે ઝૂમતાં ને મસ્તી માણતાં જોવા મળ્યાં હતાં ત્યારે આ કલાકારો મુક્તિધામમાં ઈશ્વરનું સ્મરણ કરતા જોવા મળ્યા હતા. યોગાનુયોગ જી ઈ ક્લબનો સ્થાપના દિવસ પણ ૧ જાન્યુઆરી જ છે. કલાકારોએ મુક્તિધામમાં જ પરસ્પર નૂતન વર્ષ અને સંસ્થાના સ્થાપના દિવસની શુભકામનાઓ એકમેકને પાઠવી હતી.

# એક સમયની ગાઢ મિત્રતા આજે માત્ર સ્મિતના સંબંધો બનીને રહી ગઈ




વાત કરવી છે 'સ્વીકાર'ના 'સત્કાર'ની. બીજાની પ્રગતિથી હૃદયના ઊંડાણમાંથી આનંદ ઉભરે ત્યારે પંખીઓનો કલરવ જેવુ મધુર વાતાવરણ આપોઆપ સર્જાય. સામાન્ય રીતે આખુ જગત પોતાની સિદ્ધિ અને સ્વપ્રસશિતમાં જ ગળાડૂબ હોય છે. અન્યની સફળતાનું કોઈ સ્થાન હોતું નથી. દુનિયામાં હજારો-લાખો લોકો રોજ રોજ મૃત્યુ પામે છે એમનો શોક નથી થતો. પણ જ્યારે કોઈ નિકટના સ્વજન ચાલ્યા જાય ત્યારે વસમુ લાગે છે. પોતાની કે સ્વજનની સફળતાને અંતઃકરણથી સ્વીકાર કરીએ છીએ એમ જ પાડોશીની સિદ્ધિનો આનંદ કેમ ન થાય ? એની સફળતાનો સાચા હૃદયથી સ્વીકાર થવો જોઈએ. આજકાલ તો વોટ્સએપ, એફબી, ઈન્સ્ટા, યુટ્યુબ વગેરે એવા માધ્યમો છે કે, નાની અમથી વાતને પણ સ્વપ્રશસ્તિનુ પ્લેટફોર્મ બનાવવાનુ મોટુ સાધન બની ગયું છે. જોકે આ માધ્યમોમાં અન્યની સફળતાના સ્વીકારનો ટંકાર પણ હોય છે જો કે એનુ પ્રમાણ ઘણુ ઓછુ હોય છે.

બે મિત્રોના બાળકો એક જ સ્કૂલમા એક જ સ્ટાન્ડર્ડમા સાથે અભ્યાસ કરતા. બન્ને પરિવારો વચ્ચે ખૂબ સરસ બને. સપ્તાહમાં એકેય વાર ન મળ્યા હોય તો બન્ને પરિવારોને ચેન ન પડે. ફાઈનલ પરીક્ષામાં એક મિત્રના બાળકનુ પરિણામ ખુબ સરસ આવ્યું. આખા શહેરમાં આ બાળક પ્રથમ આવ્યું. બીજા મિત્રના બાળકનુ પરિણામ ઠીકઠાક આવ્યું. સારૂ પરિણામ લાવેલા મિત્રના બાળકે જેવો અભ્યાસ પૂરો કર્યો કે તરત સરસ પાત્ર મળતાં સંસાર પણ મંડાઈ ગયો.

બીજા મિત્રના પરિવારમાં આ મિત્રના બાળકની સફળતાઓના સ્વીકારની વાત તો દૂર પણ અન્ય અપ્રસ્તુત બાબતોના ઢગલા ઊભા કરી વર્ષો પુરાણી સૌહાર્દ અને સ્નેહની ગઠરીને પલીતો ચાંપી દેવાયો. બન્ને પરિવારોમાં ખટાશ વધતી ગઈ. એક સમયના એ ગાઢ સંબંધો આજે માત્ર દેખાવ પૂરતા સ્મિતના સંબંધો બનીને રહી ગયા.

બે મિત્રોની આ કહાનીના મૂળમાં અન્યની પ્રગતિના સ્વીકારનો સદંતર અભાવ છે. જ્યારે અન્યના વિકાસના આકાશમાં વિહરવાનો આનંદ ન આવે ત્યારે સમજી લેવું પડે આપણે આગળ વધવા માગતા નથી. આપણી માનસિકતા કુંઠિત થઈ ગઈ છે. મારૂ બાળક, મારી પત્ની, મારા પિતાજી વગેરે વગેરે પ્રત્યે પ્રેમ, લાગણી અને મહત્ત્વ હોય એ સમજી શકાય પણ બીજાની સિધ્ધી, પ્રસિધ્ધિ, વિકાસનો સ્વીકાર પણ હોવો જોઈએ. ઈર્ષ્યાની ઈયળ સંબંધોના લીલાછમ પાન કોતરી કાઢે છે.

સામાન્ય રીતે આપણે આપણી કે આપણા પરિવારની નાની વાતને પણ ખૂબ હવા ભરીને ફુલાવીએ છીએ. બીજાએ ખરેખર મેળવેલી મોટી સફળતાને નજર અંદાજ કરવામાં સૌથી મોટું નુકસાન તો આપણું જ છે. આપણા સંબંધોની 'ઈલેસ્ટીસીટી' ખલાસ થઈ જાય છે. સંબંધોનું લચીલાપણું ત્યારે ઓછું થઈ જાય છે કે જ્યારે સ્વીકારના સત્કારનું તત્ત્વ નામશેષ થઈ જાતું હોય છે.

સંબંધોની સરીતામાં સ્વીકારના સત્યશીલ હલેસાથી જીવનમાં સુગંધ પ્રસરે છે. એક નવો જન્મ મમ્મી, પપ્પા, ભાઈ, બહેન, મામા, કાકા, માસી, ફોઈ... જેવા કેટલાય નવા સંબંધો એક જ પળમાં સર્જી કાઢે છે. સપ્તપદીના સાત પગલાં સાસુમા, સસરાજી, દીયર, જેઠ, મામાજી, કાકાજી... વગેરે જેવા નવા સંબંધોની હજારો કળીને ખીલવે છે. સંબંધનો ઉઘાડ અનેક રીતે થાય પણ સંબંધની ઈમારત તો બીજાની સફળતાના સ્વીકારના પાયા ઉપર જ મજબુતીપૂર્વક રચાય છે. સ્વીકારના સત્કારની સમજ કેળવાય પછી સંબંધમાં પરમતત્ત્વનો અનુભવ થયા વગર નથી રહેતો.

આપણે અન્યની ઊંચી ઉડાનને જોઈને રાજી થતા શીખવું જોઈએ. આપણે બીજાની લાકડી નાની કરવામાં કે અવગણવામાં સદાય રચ્યા પચ્યા રહીએ છીએ. સરવાળે આ પ્રકારની માનસિકતા અન્યને આગળ વધતા રોકી શકાતી નથી પણ તમારું વિશ્વ પ્રતિ સેકંડે સિમિત બનાવે છે.

કોઈની પણ વાતને 'નાની' કેવી રીતે બનાવી દેવામાં આવે એની અદભુત કલા આપણે કેળવી લેતા હોઈએ છીએ. આ કલા એટલી સહજ હોય છે કે એની માટે કોઈ પ્રશિક્ષણ શિબિરમાં પણ જવાની જરૂર નથી પડતી. નિંદાખોરીથી નીચા પડવાની કુટિલ માનસિકતા છોડવાની પધ્ધતિ આપણે પોતે જ સંશોધિત કરવી પડે. એમાંથી મુક્ત થવા સજાગ પ્રયત્નો કરવા પડે. કોઈના સારા માર્કસ, સારું લખાણ, સારી કવિતા, સારુ ઘર, સારા કપડાં કશું પણ સારું હોય તો એનો સ્વીકાર કરતા આનંદ થવો જોઈએ. જીવનમાં બધું જ આપણું ધાર્યું થતું નથી. આસપાસ-ચોપાસ સેંકડો હજારો લોકોના વિકાસનો ઉજાશ ફેલાયેલો હોય છે. બીજાના વિકાસના આ પ્રકાશને પામવા માટે તૈયારી હોવી જોઈએ. કોઈના સદગુણ અને સફળતાનો સહજતાથી સ્વીકાર કરી એને અપનાવવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ કરવો જોઈએ.

સામાન્ય રીતે એવું બનતું હોય છે કે, કોઈની સફળતાથી આપણે સતત દુઃખી થયા કરતા હોઈએ છીએ. એકવાર એક વક્તાએ એક સરસ 'જોક' કહી. ઓડિયન્સ એમની આ જોક ઉપર ખૂબ હસ્યું. વક્તાએ ફરી એ જ જોક કહી લોકોને પહેલીવારની જેમ મોજ ન આવી. વકતાએ ફરી ત્રીજી વાર એજ 'જોક' કહી. લોકો બિલકુલ ન હસ્યા બલ્કે એમના ચહેરા ઉપર કંટાળો વર્તાવા લાગ્યો. ત્યારે વકતાએ સરસ વાત કરી કે, એકની એક હસીખુશીની વાતથી વારંવાર ખુશ થઈ હસી શકાતું નથી તો બીજાની સફળતાને કારણે સતત, વારંવાર એકની એક વાતથી દુઃખી થવાની ક્યાં જરૂર છે ? બીજાની ઊંચી ઉડાનને માણો. એની પાંખના સૌંદર્યને સમજવાની કોશિષ કરો. કહેવાય છે ને કે, 'જેલેસી ઈઝ જસ્ટ અ લેક ઓફ કોન્ફિડન્સ.' હવે જ્યારે કોઈની સફળતા જુઓ તો એનો સાચા હૃદયથી સત્કાર કરવા તત્પર રહેવાની તૈયારી રાખજો.

**ધબકાર**

ચાલને, આજથી જ એક નવી કોશિષ કરીએ, કોઈના વિશે બોલવા કરતાં, કોઈએ મેળવેલી સિધ્ધિનો સત્કાર કરીએ. (વોટ્સએપમાં મળેલ મેસેજ, નજીવા ફેરફાર સાથે)

